હિંમતનગરમાં રવિવારના રોજ ડૉ. નલીનકાંત ગાંધી હોલ ખાતે સત્તર તુરી વિકાસ મંડળ દ્વારા સન્માન સમારોહ યોજાયો હતો. (તસવીર : મગનજી વણઝારા)

ડીસા નગરપાલિકાની નિષ્ક્રિયતાએ શ્રમજીવી વિસ્તારમાં ગંદકીના ખડકલા

ડીસા, તા. ૨૬

ડીસા પાલિકા તંત્રની ઘોર નિષ્કાળજીએ શહેરના બારે વોર્ડમાં ગંદકીના સામ્રાજ્ય વચ્ચે શહેરીજનો સંભવીત મહામારી સમાન રોગ ચાળાના ભરડામાં આવી શકે છે ત્યારે શહેરના હાર્દસમા અનેક રસ્તાઓ પર વિકાસના નામે અનેક દિવસોથી ધુળીયા બનતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠે છે સ્વતંત્ર પર્વ નિમિત્તે પોતાના ઉદ્‌બોધનમાં વિકાસ અને સુખાકારી સુવિદ્યાઓની ગુલબાંગો ઠોકતા પાલિકા પ્રમુખ ધારાસભા સર કરવાના સ્વપ્ન જોઈ રહ્યા છે ત્યારે શહેરમાં અનેક વોર્ડોમાં તેઓ વિરુધ્ધ સફાઈ મામલે બુમરેંગ ઉઠેલ છે.

એટલું જ નહી તેમના ગઠબંધન સાથે જોડાયેલા તેમની જ સરકારના વોર્ડ નંબર ૧ના ચુંટાયેલા સદસ્ય રાજેશ્વરીબેન નરસિહજી ઠાકોરે ન્યાયીક આવજ ઉઠાવી પાલિકા પ્રમુખની વિકાસની જાહેરાતોને પોકળ સાબીત કરેલ છે જેમાં રેજીમેન્ટ વિસ્તાર પાસે આવેલ તીરૂપતી તેમજ અન્ય સોસાયટીઓની છે જ્યાં પાલીકાનું સેનીટેશન વિભાગ સફાઈ મામલે બોદુ પુરવાર થયુ છે અહી ગંદકીના ખડકલા જામ્યા છે અને જેના લીધે મેલેરીયા તેમજ અનેક જીવલેણ રોગો મોઢું ફાડીને શ્રમજીવી વિસ્તારને પોતાની ચપેટમાં લેવા સકીય બન્યા છે. અહીં માત્ર અને માત્ર ગંદકીનું સામ્રાજ્ય છે જે પાલિકા તંત્રની ઘોર નિષ્કાળજીનો બોલતો પુરાવો છે જ્યારે બીજી તરફ આ વિસ્તારમાંથી વોર્ડ નબર -૧ અને -૨નું એકમાત્ર સ્મશાન ઉકરડા સમાન ભાસી રહ્યુ છે.

અહી આવતો મુખ્ય માર્ગ ઘન કચરા અને ગંદકીથી ખદબદી રહ્યા છે. આ તમામ શ્રમજીવી વિસ્તારોના લોકોએ જાહેર સુખાકારી સુવિદ્યાઓનો સુરજ ઉગશે અને પાલિકા પ્રમુખ યોગ્ય સફાઈ સાથે સ્ટ્રીટ લાઈટ તેમજ રસ્તાઓ બનાવવામાં આવશે તેવી આશાએ આ બંન્ને વોર્ડના કોર્પોરેટરોને ખોબલે ખોબલે મત આપી ચુંટી કાઢયા હતા.

જોકે આ વોર્ડના મતદારોની આશ મૃગજળ સમાન બની હતી. ગરીબ અને જરૂરીયાતમંદ શ્રમજીવી મતદારોની લાગણીઓની અહી કોઈ કદર નથી ચુંટણી સમયના તમામ દાવા અને ઢંઢેરા પરીણામ અને સત્તા મળ્યા બાદ પાલિકા પ્રમુખ દ્વારા ભુલાઈ જતા અહીના લોકોની હાલત અત્યંત દયનીય બનેલ છે અને પીડીતોએ પોતાની હૈયાવરાળ ઠાલવી હતી. લોકોનું આ દર્દ પાલિકા પ્રમુખ તેમજ તંત્રના તાજેતરના જાહેર કરાયેલા દાવાઓને બોદા અને જુઠ્ઠા પુરવાર કરે છે. તમામ શ્રમજીવી વિસ્તારોની આવી દયનીય હાલત છે જેમાં વોર્ડ નંબર ૧માં રહેતા ઈન્દિરા નગર વિસ્તારના રહીશો છેલ્લા ઘણા વર્ષોથી ગટર લાઈનો અને નાળીઓ ઝંખી રહ્યા છે.

અહી ઘરની બહાર જ લોકો ખાડાખોદી વહીજતું પાણી નીકાલ કરે છે જો કે આ ગંદુ પાણી નાળીઓના અભાવે રસ્તાઓ ઉપર ફેલાતા તેના સંપર્કથી રોગચાળાનો ભય ફેલાયો છે પાલિકાના પોકળ દાવા અને પ્રમુખ વિપુલભાઈ શાહની કહેવાતી વિકાસ યાત્રાને પોકળ સાબીત કરી આ વોર્ડના ચુંટાયેલા સદસ્ય રાજેશ્વરીબેન ઠાકોરે પણ પોતાના બળાપો કાઢયો હતો તેઓએ જણાવ્યુ હતુ. કે સરકારમાં અમે સામેલ છીએ પરંતુ અમારી સદસ્યોની પણ પાલિકા પ્રમુખ ન્યાયીક વાત સાંભળતા નથી જેથી આ વિસ્તારમાં વિકાસ થયો નથી લોકોની ન્યાયીક માંગ છે કે સુખાકારી સુવિદ્યાઓ પુરતી અને ત્વરીત મળવી જોઈએ આમ પાલિકા પ્રમુખ સામે તેમના જ સાથી સદસ્યે બળાપો કાઢી પાલિકાની ઘોર નિષ્કાળજી સામે કાર્યવાહી કરવાની માંગ કરતા ભારે ચકચાર ફેલાયો છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

થરાદની ખોડા ચેકપોસ્ટ નજીક ૨૮.૦૮ લાખનો વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

ડીસા, તા. ૨૬

થરાદ તાલુકાની ખોડા ચેક પોસ્ટ નજીક બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી કિ.રૂા.૨૮.૦૮ લાખના વિદેશી દારૂનો જંગી જથ્થો ભરેલી ટ્રક ઝડપી લીધી હતી. પોલીસે વિદેશી દારૂનો જથ્થો તથા ટ્રક મળી રૂા.૪૩,૦૮,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી બે ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

થરાદના પીએસઆઈ યુ.બી.ધાખડા શુકવારે રાત્રે હાઈવે પર પેટ્રોલિંગ કરી રહ્યા હતા. ત્યારે વિદેશી દારૂનો જંગી જથ્થો રાજસ્થાનથી ગુજરાતમાં ઘુસાડાતો હોવાની બાતમી મળતાં તેમણે સીપીઆઈ આર.એન. સીસોદિયાને જાણ કરી તેમના માર્ગદર્શન મુજબ નરપતસિંહ, પરબતભાઈ, ઈશ્વરભાઈ, અશોકભાઈ, દિલીપભાઈ તથા જોગાભાઈ સહિત સ્ટાફને સાથે રાખી રાજસ્થાનની સરહદે આવેલી ખોડા ચેક પોસ્ટે વોચ ગોઠવી હતી. દરમ્યાન રાજસ્થાન તરફથી આર. જે. ૧૬-જીએ-૨૫૮૮ નંબરની ટ્રક આવતાં તેને અટકાવી તલાશી લેતાં તેમાંથી ૩૯૫ પેટીઓ, ૧૩૪૪૦ બોટલનો વિદેશી દારૂ રૂા.૨૮,૦૮,૦૦૦ની કિંમતનો જથ્થો ખાણની બોરીઓ નીચેથી સંતાડેલો મળી આવ્યો હતો. પોલીસે ટ્રકમાં બેઠેલા ભેરારામ ખેપાજી વિશ્નોઈ તથા અશોકકુમાર મોહનલાલ વિશ્નોઈ રહે. કરાવડી, તા.સાંચોર, જિ.જાલોરની અટકાયત કરી જેલમાં ધકેલી દીધા હતા તથા રૂા.૧૫,૦૦,૦૦૦ ની ટ્રક સહિત કુલ રૂા.૪૩,૦૮,૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જાગીરદાર સમાજ યુવા સંગઠનની બેઠક યોજાઈ

દિયોદર નિલકંઠ મહાદેવ મંદિર ખાતે બનાસકાંઠા જાગીરદાર સમાજ યુવા સંગઠનની સભા યોજાઈ હતી. સભાના અધ્યક્ષ દિયોદર રાજવી શ્રી માનસિંહજી વાઘેલા, મગનસિંહજી વાઘેલા (પૂર્વ ધારાસભ્ય, કાંકરેજ), ગોબરસિંહજી રાઠોડ (પૂર્વ પ્રમુખ તાલુકા પંચાયત દિયોદર, ભાભર), અણદુભા ડાભી (શિહોરી), બહાદુરસિંહ વાઘેલા (પ્રમુખશ્રી જિલ્લા પંચાયત, બનાસકાંઠા), પૃથ્વીરાજસિંહ વાઘેલા (થરા), દેવેન્દ્રસિંહ ઝાલા (પ્રોફસર, થરા), બલવંતસિંહ વાઘેલા (એડવોકેટ, ફોરણા), ભલુભા વાઘેલા (પ્રમુખ, કાંકરેજ વિભાગ યુવા ક્ષત્રિય રાજપૂત સમાજ) તેમજ નામી-અનામી ક્ષત્રિય બંધુઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે બહાદુરસિંહ વાઘેલાએ વ્યસન મુક્તિ - સામાજિક કુરીવાજો અને દુફણોથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો.

ભુતા ગામે ખેતરમાંથી ૩૧ હજારનો વિદેશી દારૂ પકડાયો

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના ભુતા ગામે શનિવારના રોજ સાંજે પોલીસ બાતમી આધારે રેડ કરતા ખેતરમાંથી ૩૧ હજારનો વિદેશી દારૂ પકડાયો હતો. પોલીસ દારૂ કબજે લઈ ભાગી ગયેલ ઈસમ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ માલપુર પોલીસમથકના પી.એસ.આઈ. ડી.જે. ઝાલાને મળેલ બાતમીના આધારે સ્ટાફ સાથે શનિવારની સાંજે ભુતા ગામે બત્તુજી નાનાજી પગી મકાઈના વાવેતર વાળા ખેતરમાં રેડ કરતા કોથળામાંથી બોટલ નંગ-૧૯૬ કિંમત રૂ. ૩૧ હજાર મુદ્દામાલ મળી આવ્યો હતો પરંતુ બત્તુજી પગી નાસી ગયેલ જેના વિરૂદ્ધમાં માલપુર પોલીસમથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
અલ્તાફ શેખ	મોડાસા	૯૯૯૮૮૯૮૬૭૮
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩
વિઠ્ઠલભાઈ સુથાર	લક્ષ્મીપુરા	૯૪૦૮૧૨૫૧૧૫
રમેશચંદ્ર ચોક્સી	શામળાજી	૯૪૨૭૫૨૮૯૪૧
અશોષ ત્રિવેદી	મોટી ચેખલા	૯૭૨૬૦૬૧૬૭૭
સચીન નિનામા	ભીલોડા	૯૪૨૬૫૭૫૪૫૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

ગણપતભાઈ જોષી	પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.)	૯૩૭૫૦૭૬૦૬૧
મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ)	૯૯૭૯૪૦૨૫૩૩
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૮૯૮૨૧૦૪૩૬

ડીસામા લે-ભાગુ તત્ત્વો દ્વારા ઈનામી સ્કીમો મૂકી લાખોની ઠગાઈ

ડીસા, તા. ૨૬

બનાસકાંઠા જીલ્લામાં કેટલાક લે ભાગુ તત્વો લોકોને ઠગાંઈના ઈરાદે વિવિધ ઈનામી સ્કીમો જાહેર કરી લાખોની ઠગાઈ કરી રહ્યા છે.

જેમાં વેપારી મથક ડીસામાં પણ છેલ્લા ઘણા સમયથી ફક્ત મિત્રો માટે મર્યાદીત હોવાની સુફીયાણી જાહેરાતો કરી કેટલીક લલચામણી સ્કીમો કેટલાક લેભાગુ તત્વોએ બહાર પાડેલ છે ચેનલ સ્કીમથી બહાર પડાયેલ આ ઈનામી ડ્રો સ્કીમોમાં ગ્રાહકોને લાખ્ખોના ઈનામો ગાડીઓ આપવાની લાલચ અપાય છે અને ઈનામ લાગ્યા પછી બાકીના હપ્તા નહી ભરવા પડે તેવી પણ જાહેરાત કરતા હોય છે જેનાથી અનેકો ગ્રાહકો ગેરંટેડ ઈનામની લાલચમાં લલચાય છે અને ફસાય છે કાયદાની ભાસામાં આ હોઈ પ્રોફાઈલ રેકેટ ગુનાહીત કહી શકાય વળી રાજ્યમાં લોટરી પ્રોહી. બીટેડ એકટ નામનો કાયદો અમલમાં છે જે મુજબ કોઈ પણ વ્યક્તિ ઈનામોની લાલચો આપી ડ્રો કરી શકતા નથી તેમ છતાં ખુલ્લે આમ નીત્ય અખબારોમાં આવી લોભામણી જાહેરાતો છપાવી લેભાગુ તત્વો લોકોને ઠગી રહ્યા છે. જેની શહેર પી.આઈ. આર.એમ. ભદુરીયા દ્વારા જાહેર હીતમાં તપાસ કરવામાં આવે તો ઠગાઈનું મસમોટુ રેકેટ ઝડપાશે. તેવુ બહાર આવેલ છે.

ચડાસણ ગામનો તડીપાર ઈસમ પકડાયો

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના ચડાસણ ગામનો ઈસમ મણાભાઈ મોહનભાઈ ચેનવા દારૂનો બુટલેગર છે જે જાદર પોલીસમથકમાં દારૂના ગુનામાં ૨૪ જાન્યુઆરી-૨૦૧૨ના રોડ ઈડર કોર્ટના હુકમથી ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, ખેડા અને અમદાવાદ શહેર સહીતના જિલ્લાઓમાંથી તડીપાર કરેલો હતો. પણ આ હૂકમનો ભંગ કરી તે ઈસમ પોતાના ઘરે આવેલા હોવાની જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચને બાતમી મળેલ જેથી તેના ઘરે ચડાસણ શનિવારના રોજ સાંજે રેડ કરી તેને પકડી પાડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા માંકરોડા નજીકથી કતલખાને લઈ જતા ત્રણ પશુ સાથે એક પકડાયો

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા પોલીસે માંકરોડા ગામ નજીકથી રવિવારના રોજ બપોરે કતલખાને જઈ રહેલા ત્રણ પશુ સાથે એકને પકડી પાડી તેના વિરૂદ્ધ રણજીતસિંહ સોમસિંહ સિસોદિયાની ફરિયાદ આધારે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વિગત મુજબ ભિલોડાના રીન્ટોડા ગામના જીવદયા પ્રેમી રણજીતસિંહ સોમસિંહ સિસોદિયાને કતલખાને પશુ લઈ જાય છે તેવી બાતમી મળેલ જેથી ભિલોડા પોલીસને સાથે રાખીને રવિવારના રોજ બપોરના સમયે ૧૧.૩૦ વાગે ભિલોડાના માંકરોડા ગામ નજીકથી પીકપડાલા નંબરમાં જીજે-૧૫-એક્સ-૯૨૦૩ માં મરણતોલ હાલતમાં ઘાસચારાની સવલત વિના બીન અનઅધિકૃત રીતે બાંધીને બે ભેસ અને એક પાડીને કતલખાને લઈ જતા ઈડરના રાણીતળાવ પાસે રહેતો સોમાજી નેમાજી ઠાકરડાને પકડી પાડી તેના વિરૂદ્ધ રણજીતસિંહ સોમસિંહ સિસોદિયાની ફરિયાદ આધારે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગરમાં રવિવારે જગદીશ પ્લાઝા ખાતે લીઓ ક્લબ હિમતનગર દ્વારા લીડરશીપ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લાઈફ મેનેજમેન્ટ કોચ પરિક્ષીત જોબનપુત્રાએ લીડરશીપ અંગે માર્ગદર્શન આપ્યું હતું. (તસવીર : મગનજી વણઝારા)

હિંમતનગર લિયો ક્લબના ઉપક્રમે સેમિનાર યોજાયો

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર લિયો ક્લબ દ્વારા હિંમતનગર ખાતે હિંમતનગર, ગાંધીનગર, છત્રાલ, બાયડ લિયો ક્લબના હોદેદારો અને સભ્યોની ઉપસ્થિતિમાં ગ્રાન્ડ ઓરીએન્ટેશન પ્રોગ્રામ અને લીડરશીપ સેમિનાર યોજાયો હતો.

આ કાર્યક્રમના પ્રારંભે હિંમતનગર લિયો ક્લબ ડિસ્ટ્રીક્ટ ૩૨૩-બીના એરિયા-૬ ના ચેરપર્સન કમ હિંમતનગર લિયો ક્લબના પ્રેસિડેન્ટ જય કોટકે સર્વે ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરી પ્રસંગોચિત પ્રવચન આપ્યું હતું. જ્યારે લાઈફ મેનેજમેન્ટ કોચ પરિક્ષીત જોબનપુત્રાએ લીડરશીપ સેમિનારનું સુંદર સંચાલન કરી સુંદર માર્ગદર્શન આપ્યું હતું. અંતે રિવ્યુ તથા આભારવિધિ લિયો હરજોત સૈની અને એકતા પરમારે કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં લિયો ક્લબના સભ્યો હાજર રહ્યા હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧